# કુતરા અને બિલાડીના લાયસન્સિંગ પ્રોગ્રામ માટે સિટી ઓફ્ બ્રૅમ્પટન સહયોગ કરે છે રેન્સ પેટ્સ (Ren's Pets) સાથે

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (28 જાન્યુઆરી 2023) - રેન્સ પેટ્સ (Ren's Pets) કૅનેડામાં એક અગ્રણી પેટ (પાલતુ પ્રાણીઓ) ફૂડ અને સ્પેશ્યલ્ટી પુરવઠાના છૂટક વિક્રેતા છે જેમણે સિટી ઓફ્ બ્રૅમ્પટન સાથે સહયોગ સાધ્યો છે જેથી કુતરા અને બિલાડીના લાયસન્સિંગ પ્રોગ્રામને સમર્થન આપી શકાય. બ્રૅમ્પટનવાસીઓ હવે જ્યારે તેઓ પોતાના કુતરા કે બિલાડીની નોંધણી કરાવશે ત્યારે અને બ્રૅમ્પટન એનિમલ સર્વિસિસ સાથે તેમનું વાર્ષિક લાયસન્સ ખરીદે ત્યારે $20નું વાઉચર મેળવશે જેનાથી તેઓ રેન્સ પેટ્સ પરથી ખરીદી કરી શકશે.

પાલિકાના એનિમલ કંટ્રોલ બાય લૉ હેઠળ બ્રૅમ્પટનના તમામ કુતરા અને બિલાડાની નોંધણી સિટીમાં પ્રત્યેક કૅલેન્ડર વર્ષે કરાવવાની રહે છે. નિવાસીઓ પોતાના પાલતુ પ્રાણીઓની નોંધણી રૂબરૂ, ટપાલથી, ટેલિફોનથી કે ઓનલાઈન કરી શકે છે. બધી વિગતો અને ભાવતાલ માટે મુલાકાત લો www.brampton.ca/animalservices

રેન્સ પેટ્સ CEO સ્કૉટ અર્સેનૉલે જણાવ્યું કે "જવાબદારીભરી પેટ માલિકીનું સમર્થન કરતા પ્રોગ્રામમાં સિટી ઓફ્ બ્રૅમ્પટન સાથે સહયોગ કરતા અમે રોમાંચિત છીએ. બ્રૅમ્પટનમાં રહેલ આવા સ્થાનિક સમુદાયો સાથે અર્થપૂર્ણ સહયોગ કરવા રેન્સ પ્રતિબદ્ધ છે જેથી પાલતુ પ્રાણી ઉત્તમ રીતે જીવી શકે. અમે અમારો બ્રૅમ્પટન સ્ટોર 18 જુલાઈ 2021ના રોજ ખુલ્યો અને અમે વિસ્તારના કેટલાક અદ્ભૂત પાલતું પ્રાણીઓના માલિકો અને તેમના જબરદસ્ત પ્રાણીઓને મળી શક્યા."

"રેન્સ પેટ્સને પોતાના લાયસન્સિંગ પાર્ટનર તરીકે ઉમેરતા સિટી ઓફ્ બ્રૅમ્પટનને આનંદની લાગણી થાય છે. અમારું નિરંતર લક્ષ્ય રહ્યું છે કે સમુદાયના કુતરા અને બિલાડીના પાલકોને તેઓ 2023ના લાયસન્સ ખરીદે અથવા રિન્યુ કરે ત્યારે લહાણી આપવી" એવું સિટી ઓફ્ બ્રૅમ્પટનના એનિમલ સર્વિસિસ મેનેજર માઈક મલિકે જણાવ્યું હતું. "આજે જ ઓનલાઈન જાઓ અને તમારું લાયસન્સ ખરીદો, તેમ કરવું તમારી ફરજ છે"

રેન્સ પેટ્સના વીપી ઓફ્ ઈકોમર્સ એન્ડ માર્કેટિંગ, લરિસા વેસિલિવ (Larissa Wasyliw) જણાવે છે કે "પાલતુ પ્રાણીઓના પાલકો જેઓ પોતાના કુતરા અને બિલાડીઓને લાયસન્સ કરાવે છે તેમના માટે આ એક ખરેખર સુંદર લાભ છે". "$20ના વાઉચરનો ઉપયોગ પાલતુ પ્રાણીઓ માટે ખોરાક, વ્યંજનો, રમકડા અથવા બીજી કોઈપણ વસ્તુ માટે થઈ શકે છે. રેન તમારા કૂતરા અને બિલાડી માટે તમને જોઈતી દરેક વસ્તુની શ્રેષ્ઠ, ઉચ્ચતમ ગુણવત્તાવાળી પ્રીમિયમ બ્રાન્ડ્સ અને વસ્તુઓની બહોળી શ્રેણી રાખે છે, ખાસ કરીને જ્યારે તેઓ જે ખાય છે તેની વાત આવે ત્યારે. પછી ભલે તે સુક્કો, ભીનો અથવા કાચો ખોરાક હોય. પ્રાણીઓના પાલકો જ્યારે પોતાની જવાબદારી નિભાવતા હોય અને સાથે જ પોતાના કુતરાને લાયસન્સ કરાવતા હોય ત્યારે રેન્સમાંથી કંઈક માણી શકે તે એક સુંદર બાબત છે.

બ્રેમ્પટનમાં તમારા પાલતુઓનું લાયસન્સ બનાવવા વિશે વધુ જાણકારી તમને અહીં મળી રહેશે: www.brampton.ca/animalservices




*રેન્સ પેટ્સ બ્રેમ્પટન ટ્રિનિટી કોમન્સમાં 200 ગ્રેટ લેક્સ ડ્રાઈવ ખાતે સ્થિત છે.*




*બ્રેમ્પટન સ્ટોરમાં ઉચ્ચ ગુણવત્તાવાળા કૂતરા અને બિલાડીના ખોરાક ધરાવતી આઈલ્સ છે, 8000 થી વધુ ઉત્પાદો, વસ્તુઓ અને રમકડાના ડિસ્પ્લે, ઉપરાંત એક વિશેષ માવજત વિભાગ અને વૉક ઈન ફ્રીઝરો છે.*




*તમારા પાલતુ પ્રાણીઓને સાથે લઈ આવો અને અમારા જાણકાર કર્મચારીઓને મળો અને કોઈપણ સમયે અમાર્રા ઈન-સ્ટોર કાંટા પર તેમનું વજન કરાવો.*

-30-

**રેન્સ પેટ્સ વિશે**

રેન્સ પેટ્સ એક અગ્રણી કેનેડિયન સ્પેશ્યલટી રિટેઈલર છે જેમના 45 સ્ટોર છે (અને વધી રહ્યા છે) જે ઓન્ટારિયો, અને મેરિટાઈમ્સમાં સ્થિત છે વત્તા તેમની બેસ્ટ ઈન ક્લાસ ઈ-કોમર્સ સાઈટ છે જે રાષ્ટ્રીય સ્તરે શિપ કરે છે. કંપનીની શરૂઆત 1975માં થઈ અને તેના મુખ્ય મથક ગુએલ (Guelph), ઓન્ટારિયોમાં છે. તેને ઑગસ્ટ 2021માં લેગૉ (Legault) ગ્રૂપ દ્વારા ઉપાર્જીત કરવામાં આવ્યું. રેન્સમાં મળી રહેશે પેટ પુરવઠામાં વિશાળ પસંદગી જેમાં સામેલ ચે પેટ ફૂડ, વસ્તુઓ અને તમારા પેટની ઉત્તમ જીવનશૈલી માટે રમકડા. રેન્સ ઉચ્ચ ગુણવત્તાના વ્યવસાયિક ગ્રૂમિંગ સપ્લાઈઝનો અગ્રણી ઉદ્યોગ છે. રેન્સનું વચન જાણકાર કર્મચારીઓ છે જેઓ તમારા પાળેલા પ્રાણી માટે ઉત્તમ ખોરાક શોધી આપવામાં સહાયતા કરશે. રેન્સ રિવોર્ડ પ્રોગ્રામથી તમે મફત ખોરાક જીતી શકશો અને ઓનલાઈન અથવા ઈન-સ્ટોર પોતાના પોઈન્ટ્સ વાપરી શકશો. વધુ માહિતી માટે મુલાકાત લો renspets.com અથવા લેરિસા વેસિલિવનો સંપર્ક અહીં કરો જેઓ ઈકોમર્સ અને માર્કેટિંગના વીપી છે larissa.wasyliw@renspets.com.

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ , અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
સીટી ઓફ બ્રૅમ્પટન મલ્ટિકલ્ચરલ મિડિયા
multiculturalmedia@brampton.ca